Item No: 40.12


# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
## આણંદ કૃષિ યુનિવર્સિટી
## આણંદ–૩૮૮ ૧૧૦

ડૉ.પી.પી.પટેલ
વિસ્તરણ શિક્ષણ નિયામક

ફોન: ૦૨૬૯૨–૨૬૨૩૧૬
ફેકસ : ૦૨૬૯૨–૨૬૨૩૧૭ E.mail : dee@aau.in


જા.નં. આકૃયુ/વિશિનિ/નિ.મ.૪૦ બેઠક / ૫૧૦૫ /૨૦૧૬ તા. ૨૩.૦૨.૨૦૧૬

પ્રતિ,
કુલસચિવશ્રી,
આણંદ કૃષિ યુનિવર્સિટી,
આણંદ.

વિષય : નિયામક મંડળની ૪૦ મી બેઠકની કાર્યનોંધ પર પગલાં લેવા અંગે.

સંદર્ભ : આપની કચેરીનો પત્ર નં. આકૃયુ/રજી/એકે(મીટીગ) (૧૧૫)/૩૫૦–૩૫૭/૨૦૧૬, તા.૫.૨.૨૦૧૬.

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, નિયામક મંડળની ૪૦ મી બેઠકમાં આઈટમ નં. ૪૦.૧૨ માં ઠરાવ્યા મુજબ નીચે મુજબ પગલાં લેવામાં આવ્યા છે.

| આઈટમ નં. ૪૦.૧૨ | લીધેલ પગલાં |
|---|---|
| ડેરી. વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુરનું સ્થળ ડેરોલ સંશોધન કેન્દ્ર ખાતે તબદીલ કરવા બાબત<br>આ અંગે ચર્ચાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.<br>" આથી ઠરાવવામાં આવે છે કે, ડેરી વિજ્ઞાન કેન્દ્રના ઉદ્દેશો હાંસલ કરવા માટે તથા જે તે પ્રવૃત્તિઓ છે તે વેગવંતી કરી શકાય અને પૂર્ણ કરી શકાય તેને ધ્યાનમાં લઈ ડેરી વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુરને કૃષિ સંશોધન કેન્દ્ર, ડેરોલ ખાતે તબદીલ કરવા માટે સરકારશ્રીની મંજૂરી મેળવવા નિયામક મંડળ ભલામણ કરે છે. | અત્રેની કચેરીના પત્ર નં. આકૃયુ/વિશિનિ/ડેરી વિજ્ઞાન /૪૯૦૩–૦૮/૨૦૧૬, તા. ૧૧.૨.૨૦૧૬ થી કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરને ડેરી વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુરનું સ્થળ ડેરોલ સંશોધન કેન્દ્ર ખાતે તબદીલ કરવાની મંજૂરી અર્થે અત્રેથી દરખાસ્ત કરેલ છે. |

ACD

23/2/16
વિસ્તરણ શિક્ષણ નિયામક

Item No: 40.12


વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી
યુનિવર્સિટી ભવન
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ

ડૉ. પી.પી. પટેલ
વિસ્તરણ શિક્ષણ નિયામક

ફોન. (૦૨૬૯૨) ૨૬૨૩૧૬ ફેકસ: (૦૨૬૯૨) ૨૬૨૩૧૭
Email- dee@aau.in


જા.નં. આકૃયુ/વિશિનિ/ડેરીવિજ્ઞાન /ઝ-૦૩-૦૮/૧૬ તા. ૧૧/૦૨/૨૦૧૬

પ્રતિ,
સેકશન અધિકારીશ્રી,
ક-૨ શાખા, કૃષિ અને સહકાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર

વિષય: "ડેરી વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુર નું સ્થળ ડેરોલ સંશોધન કેન્દ્ર ખાતે તબદીલ કરવા બાબત..

સંદર્ભઃ ૧. કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર ના ઠરાવ ક્રમાંક અકવ-૧૨૨૦૧૧-૩૦૨-૧૨, તા.૧૭/૪/૨૦૧૨ અને ઠરાવ ક્રમાંક અકવ-૧૨૨૦૧૧-૩૨૦૬-૬૨, તા.૧૭/૪/૨૦૧૨

૨. ૪૦મી. નિયામક મંડળની બેઠકની કાર્યનોંધ આકૃયુ/રજી/એકે(મીટીંગ)/(૧૧૫)/૩૫૯-૩૫૭/૨૦૧૬ તા. ૫.૨.૧૬

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનુ કે પંચમહાલ જીલ્લાના પશુપાલકો માટે જાનવર દીઠ વધુ સ્વચ્છ દૂધ ઉત્પાદન મેળવવા તથા પશુપાલન માટેનો ખર્ચ ઘટાડવા માટે પશુપાલકોને તાંત્રિક માહિતી તથા અન્ય સેવાઓ પહોંચાડવાના હેતુસર આણંદ કૃષિ યુનિવર્સિટી એ ડેરી વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુર ની સ્થાપના માટે સરકારશ્રીને દરખાસ્ત મોકલેલ હતી. તે અન્વયે ગુજરાત સરકારના કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય ગાંધીનગર ના ઠરાવ ક્રમાંક અકવ-૧૨૨૦૧૧-૩૦૨-૧૨, તા.૧૭/૪/૨૦૧૨ અને ઠરાવ ક્રમાંક અકવ-૧૨૨૦૧૧-૩૨૦૬-૬૨, તા.૧૭/૪/૨૦૧૨ થી આણંદ કૃષિ યુનિવર્સિટી ના વાર્ષિક વિકાસવર્ષ ૨૦૧૨-૧૩ માં સમાવેશ થયેલ કૃષિ વિસ્તરણ શિક્ષણને લગતી યોજના એસ્ટાબ્લીશમેન્ટ ઓફ ડેરી વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુર(પંચમહાલ) ને ૧૮.૨૮ લાખની નાણાકીય જોગવાઈ સહિત મંજૂર કરવામાં આવેલ હતી. માનનીય કુલપતિશ્રીના કાર્યાલય આદેશ No. AAU/DEE/New plan scheme/12-13/3701-3800, Dt.5/7/12 થી સદર યોજના ને કાર્યાન્વિત કરવામાં આવી હતી. તથા તા.૧૯/૧/૨૦૧૩ ના રોજ વેજલપુર ખાતે સદર યોજનાનું વિધિવત ઉદઘાટન કરવામાં આવેલ હતું અને સદર યોજનાનો પ્રારંભ કરવામાં આવેલ હતો.

ડેરી વિજ્ઞાન કેન્દ્રના કાર્યાલય, ખેડૂત છાત્રાલય તથા અન્ય સુવિધાઓ માટે વેજલપુર ખાતે જમીન ની આવશ્યકતા હોય માનનીય કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ એ તા.૨૬/૬/૧૨ ના સરપંચશ્રી વેજલપુર ને ડેરી વિજ્ઞાન કેન્દ્ર માટે વિના મૂલ્યે જમીન ફાળવવા માટે

પત્ર લખેલ હતો. તે અન્વયે વેજલપુર ગ્રામ પંચાયતે જમીન ફાળવણીનો ઠરાવ કરેલ હતો. જેમાં સર્વે નંબર ૨૭૦, ૨૭૧, ૨૭૨, ૨૭૬, ૨૭૭, ૨૭૮, ૨૬૩, ૨૬૩ અ અને ૬૮૩ દર્શાવેલ હતા (બીડાણ-૧).

મામલતદાર, કાલોલ એ પત્રનં. જમન/વશી/૨૦૧૨ તા:૧૯/૧૨/૨૦૧૨ અનુસાર સદર જમીન આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદને ફાળવવા માટે કોઈ હરકત નથી તેવો અભિપ્રાય નાયબ કલેકટર શ્રી ને આપેલ. આ અન્વયે કલેકટર શ્રી એ ડી.આઈ. એલ.આર., ગોધરાને સદર જમીન ના સર્વે નં. ૨૭૩,૨૭૫ પૈકી તથા ૨૭૨ ની માપણી કરી માપણી શીટમાં દબાણ હોય તે બાબતનો સ્પષ્ટ સહિતનો રીપોર્ટ મોકલી આપવા આદેશ કરેલ હતો. આ અન્વયે ડી.આઈ. એલ.આર., ગોધરા એ ૨૩ મે થી ૩૦ મે- ૨૦૧૩ દરમ્યાન સર્વે કરી, માપણી કરી, નકશા બનાવી અને તેનો રીપોર્ટ કલેકટરશ્રી ને ઓગષ્ટ ૨૦૧૩ માં સુપ્રત કરેલ હતો. તારીખ ૧૩-૯-૨૦૧૩ ના કલેકટરશ્રી પંચમહાલના પત્ર નં.વીપી/જમન/વશી/ ૨૪૭૨-૭૪/૧૩ પત્ર અન્વયે જીલ્લા વિકાસ અધિકારીશ્રી ગોધરા પ્રાંત, ગોધરાએ કરેલી દરખાસ્ત મુજબ સવાલ વાળી જમીનની માપણી કરવા જણાવતા અત્રેથી ડી.આઈ. એલ.આર શ્રી દ્વારા કરેલ માપણી રીપોર્ટમાં દબાણ દર્શાવેલ છે તે ગ્રામ પંચાયતને દૂર કરવા જણાવેલ હતું. જમીનમાં થયેલ દબાણ અંગેની કાર્યવાહીનો અહેવાલ પણ કલેકટરશ્રી એ માંગેલ હતો. વધુમાં તા.૭-૧૦-૨૦૧૩ના પત્ર નંબર/જીપ/દબાણ/વશી/૫૯૯/૦૧ થી તાલુકા વિકાસ અધિકારીને દબાણ દૂર કરાવ્યેથી તેનો વિગતવાર અહેવાલ માંગેલ હતો. સમયાંતરે જીલ્લા વિકાસ અધિકારી તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીની મૌખિક તેમજ લેખિત પત્રો દ્વારા ગ્રામ પંચાયત, વેજલપુર ને જેને સર્વે નંબર માં આશરે ૫૪ કાચા મકાન માલિકો ને નોટીસ આપી સદર દબાણ દૂર કરવા જણાવેલ હતું. તેમજ તાલુકા વિકાસ અધિકારીશ્રી એ જ્યારે દબાણ દૂર કરવાના થાય ત્યારે પોલીસ સંરક્ષણ આપવા માટેની તૈયારી પત્રો દ્વારા બતાવેલ હતી, તેમ છતાં ગ્રામ પંચાયત દ્વારા હજી સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. એટલે કે જમીન સંપાદનની કાર્યવાહી પૂર્ણ થઈ શકેલ નથી. આ સંજોગોમાં ડેરી વિજ્ઞાન કેન્દ્રના ઉદ્દેશો હાંસલ કરવામાં મુશ્કેલી પડે છે(આનુસંગીક પત્રવ્યવહાર સામેલ છે.)

કૃષિ સંશોધન કેન્દ્ર, ડેરોલ, વેજલપુરથી ફક્ત ૭ કિમી દૂર છે અને સદર કેન્દ્રના તાબા હેઠળ આશરે ૪૦ હેક્ટર જમીન છે. હાલ ડેરી વિજ્ઞાન કેન્દ્ર માટે ફક્ત ૩ જ મહેકમ ભરાયેલ હોય જો સદર કેન્દ્રને કૃષિ સંશોધન કેન્દ્ર ડેરોલ ખાતે તબદીલ કરવામાં આવે તો કૃષિ સંશોધન કેન્દ્ર, ડેરોલ ના વહીવટી અને તાંત્રિક મહેકમ નો ઉપયોગ કરી ડેરી વિજ્ઞાન કેન્દ્ર ના ઉદ્દેશો હાંસલ કરવા માટેની જે તે પ્રવૃત્તિઓ છે તે વેગવંતી કરી શકાય અને પૂર્ણ પણ કરી શકાય. ઉપરોક્ત સંજોગોને ધ્યાનમાં લઈ ડેરી વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુર ને કૃષિ સંશોધન કેન્દ્ર, ડેરોલ ખાતે તબદીલ કરવા ૪૦મી નિયામક મંડળની બેઠકમાં ભલામણ માટે સાદર રજૂ કરવામાં આવેલ.

૪૦મી નિયામક મંડળની બેઠકના મુદ્દાનં ૪૦.૧૨ મુજબ ડેરી વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુર ને કૃષિ સંશોધન કેન્દ્ર, ડેરોલ ખાતે તબદીલ કરવા સહમતિ આપેલ છે અને આ માટે સરકારશ્રીની મંજૂરી મેળવવા ભલામણ કરેલ છે.આથી આપની કક્ષાએથી ડેરી વિજ્ઞાન કેન્દ્ર, વેજલપુર ને કૃષિ

સંશોધન કેન્દ્ર, ડેરોલ (જે યોજનાના સ્થળથી ફકત કી.મી. દૂર છે) ખાતે તબદીલ કરવા માટે જરૂરી મંજૂરી આપવા વિનંતી છે. જેથી યોજનાનું સ્થળ વેજલપુરના બદલે ડેરોલ ખસેડી યોજનાની કામગીરીને વધુ વેગ આપી શકાય. સરકારશ્રીની જરૂરી મંજૂરી સત્વરે મેળવી આપવા વિનંતી છે.

સામેલઃ ઉપર મુજબ

વિસ્તરણ શિક્ષણ નિયામક

નકલ સવિનય રવાનાઃ

૧.માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવ,આકૃયુ, આણંદ

૨.નાયબ સચિવશ્રી(કૃષિ યુનિ) કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય, ગાંધીનગર

૩.સંશોધન નિયામક અને અનુસ્નાતક વિધ્યાશાખાધ્યક્ષશ્રી, આકૃયુ, આણંદ

૪.આચાર્ય અને ડીનશ્રી,ડેરી વિજ્ઞાન કોલેજ, આકૃયુ, આણંદ

૫. કુલસચિવશ્રી, આકૃયુ, આણંદ